# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-08-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Monday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) ગૃહ રાજ્યમંત્રીએ કહ્યું , પોલીસ અને સરપંચ વચ્ચેના પરિસંવાદ થકી લાખો લોકોને ગુનાનો ભોગ બનતા બચાવી શકાશે

2) તાપીનાં 28 આદિવાસી બાળકો પહેલી વાર ઇસરોના શ્રીહરિકોટા સ્થિત સૅટેલાઈટ લૉન્ચિંગ સેન્ટરના શૈક્ષણિક પ્રવાસે ગયાં.

3) રાજ્યમાં અલગ-અલગ માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત

4) દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી

5) ગીર સોમનાથના ખેલાડી ધાર્મિક કુહાડા જાપાન વર્લ્ડ કરાટે ચેમ્પિયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

---

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# GRAMYA POLICING

રાજ્યભરમાં ગઈકાલે ગ્રામ્ય પોલીસિંગ અંતર્ગત પોલીસ અને સરપંચ પરિસંવાદ યોજાયો. ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને મજબૂત બનાવવા યોજાયેલા પરિસંવાદમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સુરતના કામરેજ પોલીસમથક ખાતે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગ્રામ્ય વિસ્તારમાં બનતા બનાવને અટકાવવામાં પરિસંવાદ સેતુ બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો.

આ પ્રયાસ થકી રાજ્યના હજારો ગામડાઓમાં સરપંચોની મદદથી રાજ્યના લોકોને ગુનાઓનો ભોગ બનતા બચાવી શકાશે તેમ શ્રી સંઘવીએ ઉમેર્યું.

(BYTE: HARSH SANGHAVI, HOME MINISTER)

. . . . . . . . . . . . .

# TAPI KE TARE

તાપી જિલ્લાના 28 આદિવાસી બાળકો પહેલી વાર ઇસરોના શ્રીહરિકોટા સ્થિત સૅટેલાઈટ લૉન્ચિંગ સેન્ટરના શૈક્ષણિક પ્રવાસે ગયાં છે. "તાપી કે તારે " પ્રૉજેક્ટ હેઠળ રાજ્યમાં સૌપ્રથમ વાર ખાસ કરીને આદિજાતિ બાળકો માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ પહેલ કરવામાં આવી છે.

15 સરકારી શાળાના વિજ્ઞાન પ્રવાહના આ બાળકો 13 ઑગસ્ટ સુધી શ્રીહરિકોટાના પ્રવાસે રહેશે. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી અને તાપીના પ્રભારી મંત્રી મુકેશ પટેલ પહેલી વાર ફ્લાઈટમાં ઇસરો જતા આ બાળકો સાથે ગઈકાલે સંવાદ કર્યો. દરમિયાન ડોસવાડાની મૉડેલ સ્કૂલમાં ધોરણ 12-માં ભણતાં રોશની ગામિતે પ્રવાસ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE: ROSHNI GAMIT, STUDENT)

. . . . . . . . . . . . .

# STATE ACCIDENT

રાજ્યમાં ગઈકાલે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે

વડોદરા—મુંબઈ એક્સપ્રેસ હાઈ-વે પર રક્ષાબંધન માટે સુરત જતાં એક દંપતીનું મોત થયું. જ્યારે તેમના પુત્રને ઈજા પહોંચી છે. મળતી માહિતી મુજબ , વડોદરાના બિલ કૅનાલ રોડ વિસ્તારનો પરિવાર સુરત જતો હતો ત્યારે સરસવણી ગામ નજીક તેમની કાર અને પીકઅપ વૅન વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો.

બીજી તરફ, વડોદરા નજીક એક્સપ્રેસ હાઈ-વે પરથી એક પરિવાર વૅનમાં અમદાવાદથી સુરત જતો હતો. દરમિયાન બ્રિજ નંબર 29 પાસે એક ટૅમ્પો અને તેમની વૅનની ટક્કર થતાં અકસ્માત સર્જાયો. આ ઘટનામાં ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. મંજુસર પોલીસે એક વ્યક્તિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . .

# DANG PAVRI

ડાંગ જિલ્લાના મોટા ભાગના કલાકારોને પાવરી વાદ્ય થકી રોજગારી મળી રહી છે. પાવરીના કલાકારો હાલ સાપુતારા ખાતે સંગીતના તાલે પ્રવાસીઓનું મનોરંજન કરે છે. દરમિયાન પાવરીના એક કલાકારો પોતાની પ્રતિક્રિયા આપી.

**(બાઇટ : કલાકાર)**

. . . . . . . . . . . .

# VANDE SOMNATH

પવિત્ર શ્રાવણ માસના આજે ત્રીજા સોમવારે વહેલી સવારથી જ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળી રહી છે. સોમનાથમાં હાલ કળા અને ભક્તિનો મહાસંગમ "વંદે સોમનાથ" કળા મહોત્સવ ચાલી રહ્યો છે, જ્યાં દેશભરમાંથી આવેલા કલાકારો પોતાની નૃત્ય આરાધના પ્રસ્તુત કરી રહ્યા છે.

મહોત્સવમાં આજથી શરૂ થનારા પાંચમા તબક્કા અંતર્ગત ઓડિશા નૃત્ય, કથક નૃત્ય અને પરંપરાગત ટિપ્પણી નૃત્ય રજૂ કરી શ્રી સોમનાથ મહાદેવની ભક્તિમાં નૃત્યાર્પણ કારશે. મહોત્સવનો છઠ્ઠો તબક્કો શ્રાવણના અંતિમ સોમવારે 18 ઓગસ્ટે યોજાશે.

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.......................

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની સંભાવના છે. રાજ્યમાં 14મીથી ફરી ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. તેને લઈ માછીમારોને 14 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

બીજી તરફ , રાજ્યમાં ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં 44 તાલુકામાં મધ્યમ વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ ચાર ઈંચ જેટલો વરસાદ વલસાડ અને પારડી તાલુકામાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 64 ટકા જેટલો થયો છે.

. . . . . . . . . . .

# TIRNGA YATRA

રાજ્યભરમાં ગઈકાલે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ , ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી , વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે સુરતમાં Y જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધીની ત્રિરંગા પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. હર ઘર તિરંગા , હર ઘર સ્વચ્છતાની વિષયવસ્તુ સાથે યોજાયેલી યાત્રામાં 'ઓપરેશન સિંદૂર'ની ઝાંખી પણ જોવા મળી. અગ્નિશમન દળનાં 250 જવાનોએ એક હજાર 200 મીટર લાંબો ત્રિરંગો લહેરાવ્યો હતો.

આ પ્રસંગે શ્રી પાટીલે કહ્યું , સ્વતંત્રતા અપાવવા અનેક વીરોએ બલિદાન આપ્યાં. સ્વતંત્રતાના કારણે ધ્વજ લહેરાવી શકીએ છીએ ત્યારે શહીદો અને તેમનાં પરિવારજનોને યાદ કરવા જોઈએ.

દરમિયાન શ્રી સંઘવીએ આ અભિયાન જવાબદાર નાગરિક તરીકે સ્વચ્છ ભારતના નિર્માણનું પણ અભિયાન બની રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો.

મહેસાણાના વડનગરમાં બી. એન. હાઈસ્કૂલથી યોજાયેલી ત્રિરંગા યાત્રા પ્રેરણા સ્કૂલ દરબાર રોડ ખાતે પૂર્ણ થઈ હતી.

. . . . . . . . . . . . .

# RBI GOVERNOR

ભારતીય રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રા અને બૅન્ક ઑફ બરોડાના વહીવટી સંચાલક- M.D. તથા મુખ્ય કાર્યકારી અધિકારી - C.E.O આજે મહેસાણાની મુલાકાતે આવશે. બંને મહાનુભાવ ગોઝારિયા ગ્રામ પંચાયત ખાતે નાણાકીય સમાવેશ યોજનાના સંતૃપ્તિ માટેના અભિયાનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# KARATE CHAMPIONSHIP

ગીર સોમનાથ જિલ્લાના ખેલાડી ધાર્મિક કુહાડા જાપાન વર્લ્ડ કરાટે ચેમ્પિયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. મળતી માહિતી મુજબ , વેરાવળના ધાર્મિક કુહાડા આગામી 17 ઑગસ્ટે જાપાનમાં યોજાનારી સ્પર્ધામાં ભાગ લેશે. આ સ્પર્ધામાં 40 દેશના ખેલાડીઓ વચ્ચે મુકાબલો થશે.

વેરાવળ તાલુકાના ખેલાડી ધાર્મિક કુહાડાના પિતા માછીમારી કરે છે. હાલમાં આ ખેલાડી સ્પર્ધાની તૈયારી કરી રહ્યા છે. ત્યારે વેરાવળ સમસ્ત ખારવા સમાજે તેમનું સન્માન કરી ભારતનો વિજય થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

. . . . . . . . .

# RAILWAY AHMEDABAD DIVISION - FREIGHT

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ પરિવહનમાં નવો વિક્રમ સર્જ્યો છે. નવ ઑગસ્ટના રોજ ગાંધીધામ ક્ષેત્રને સણોસરા ગુડ્સ શેડથી પહેલો રૅક સફળતાથી ભરાયો. આ રૅકમાં 58 જેટલા વૅગન હતા , જેમાં અંદાજે ત્રણ હજાર 851 ટન ઔદ્યોગિક મિઠું ભરવામાં આવ્યું. પહેલા રૅક થકી રેલવેને 31 લાખ ઓગણસિત્તેર હજાર રૂપિયા જેટલી આવક થઈ છે.

પશ્ચિમ રેલવેના આ નવીન પ્રયાસથી ઔદ્યોગિક મીઠાના લાંબા અંતરના રેલ પરિવહનનો માર્ગ સરળ બન્યો છે. અમદાવાદ મંડળમાં આગામી બે-થી ત્રણ વર્ષમાં અન્ય છ ગુડ્સ કાર્ગો ટર્મિનલ - GCT બનાવાશે, જેનાથી આ ક્ષેત્રમાં રેલવેનો પરિવહનમાં હિસ્સો વધશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . .